Downloaded From: Prashantgavaniya.blogspot.in



# પરીઓએ રંગ પૂર્યા

– રેખાબહેન શાહ

એકલ બપોરે રાજને જમાડીને ઉંઘાડી દેતી. પણ આજે રાજ ઊંઘતો નહોતો.

‘રાજ ! ઊંઘી જાને ! આંખો મીંચી દે.’

‘પણ મમ્મી ! મને ઊંઘ નથી આવતી.’

‘ઊંઘ કેમ નથી આવતી ?’

‘મમ્મી, આકાશમાં, ફૂલમાં, કબૂતરમાં, ચકલીમાં – બધામાં રંગ કોણે પૂર્યા ?’

‘એ કહું તો ઊંઘી જઈશ ?’ એકલે પૂછ્યું.

‘તો સાંભળ ! ચાંદામામાના દેશમાં પરીઓ રહેતી હતી. ચમકતી સફેદ પાંખોવાળી પરી ! કોઈ વાર પૂર્વ દિશામાં ઊડે... તો કોઈ વાર પશ્ચિમ દિશામાં. કોઈ વાર ઉત્તર દિશામાં ઊડે.... તો કોઈ વાર દક્ષિણ દિશામાં.

એક વાર બધી પરીઓ ઊડતી ઊડતી પૃથ્વી પર આવી. હવામાં તરતાં વાદળો, ઊંચા–ઊંચા પહાડ, મોજાં ઉછાળતો સાગર, દોડી જતી નદીઓ, ખળખળ વહેતાં ઝરણાં, આકાશમાં મુક્ત વિહરતાં પંખીઓ, હવામાં લહેરાતાં વૃક્ષો, ફળો, ફૂલો, વેલીઓ. ચારે તરફ જાતજાતની અને ભાતભાતની વસ્તુઓ હતી. પણ બધી જ સફેદ !

બધાં જ પક્ષીઓ સફેદ. બધાં જ પશુઓ સફેદ. બધાં જ પથ્થરો–પહાડો સફેદ. બધાં જ વૃક્ષો, ફૂલો, ફળો, વેલીઓ સફેદ !

પરીઓને થયું, 'અહીં છે તો બધુ સરસ ! પણ એક જ જાતનો રંગ ? સફેદ જ ? મજા નથી આવતી. કંઈક ખૂટે છે.'

તેમણે ચાંદામામાને કહ્યું, 'ચાંદામામા ! ચાંદામામા ! આ બધું કેવું સફેદ–સફેદ છે ! મજા નથી આવતી. કંઈક કરો ને !'

ચાંદામામા બોલ્યા, 'હું રાતે આવું ત્યારે તો બધું કાળું હોય. તમે સૂરજદાદાને કહો. તે કંઈક કરશે.'

પરીઓ તો ગઈ સૂરજદાદા પાસે.

'સૂરજદાદા ! સૂરજદાદા ! પૃથ્વી પર બધું સફેદ... સફેદ છે. કંઈક કરો ને ?'

સૂરજદાદા મલકાયા. થોડીવાર વિચાર કર્યો. પછી બોલ્યા : 'તમારી વાત તો સાચી છે. બધું સફેદ–સફેદ દેખાય એમાં મજા ન જ આવે ! એમ કરો, મારો પ્રકાશ સફેદ દેખાય છે પણ તેમાં સાત રંગો છે. ચોમાસામાં વરસાદ પડે ત્યારે ધ્યાન રાખજો. સાંજે વરસાદ પડતો હોય ત્યારે મારા પ્રકાશમાંથી સાત રંગ છૂટા પડે છે. આકાશમાં ત્યારે મોટું મેઘધનુષ બની જાય છે. તેમાં સાત રંગો હોય છે. એ રંગો લઈને તમે પીંછીથી બધું રંગી નાખજો. એટલે તમારી પૃથ્વી જાતજાતના રંગોથી રંગાઈ જશે'

પરીઓ તો રાજીરાજી થઈ ગઈ. બધી દોડી પીંછીઓ લેવા. બધી પરીઓ જાડી–પાતળી ઘણી બધી પીંછીઓ લઈ આવી.

વરસાદ પડવો શરૂ થયો. સાંજ પડતાં સૂરજદાદાનાં કિરણો એના પર પડયાં. સાત રંગોનું ખૂબ જ સુંદર, એકદમ મોટું મેઘધનુષ રચાયું. પરીઓ ઊડી અને મેઘધનુષના રંગોમાં પીંછીઓ બોળી બોળીને પૃથ્વીની બધી જ વસ્તુઓ ઝટપટ રંગવા માંડી.

પરીઓએ વૃક્ષોને અને ઘાસને લીલાં બનાવી દીધાં. ધરતીને રાતી–કાળી–તપખીરી બનાવી દીધી. પહાડોને કાળા, ભૂખરા બનાવી દીધા. પોપટને લીલો બનાવી દીધો. કાગડાને કાળો બનાવી દીધો. મોરને અલગ અલગ રંગથી ખૂબ જ સુંદર બનાવી દીધો. કેટલીક પરીઓએ ફૂલોને જાતજાતનાં રંગોથી રંગવા માંડયાં. કેટલીક પરીઓએ પશુઓને રંગવા માંડયા. ગાયો, કૂતરાં વગેરેને તો પાંચ–સાત જાતના રંગે રંગી નાખ્યાં. ચકલીઓને જાતજાતના રંગે રંગી. વાદળોને લાલ, સોનેરી,

મરુન રંગના રંગી નાખ્યાં. કેટલીક પરીઓએ પાણીવાળા વાદળોને ભૂખરાં–કાળાં બનાવી દીધાં. આકાશને આછા ભૂરા રંગનું બનાવી દીધું. માછલીઓને તો જાતજાતના રંગે રંગી. ચારે બાજુ બધું જ રંગબેરંગી થઈ ગયું. ચારે બાજુ બધું ખૂબ જ સુંદર દેખાવા લાગ્યું. પરીઓ ખુશ થઈ ગઈ. પછી બધી થાક ખાવા બેઠી ત્યાં એક કૂકડો દોડતો–દોડતો આવ્યો.

'પરીરાણી ! પરીરાણી ! હું રહી ગયો. મને રંગોને !'

એક પરીએ બધી પીંછીમાંનો રહ્યોસહ્યો રંગ લઈને કૂકડાને જાતજાતના રંગથી રંગી નાખ્યો. એ જોઈ કૂકડો ઉદાસ થઈ ગયો અને બોલ્યો :

'પરીરાણી ! આ શું કર્યું ? મને કેમ આવો રંગ્યો ? હું કાબરચીતરો નથી લાગતો ?'

'ના, કૂકડાભાઈ ! બધા રંગોથી તમે રૂડારૂપાળા લાગો છો. વળી રંગો તો ખલાસ થઈ ગયા હતા ! આ તો પીંછીમાં રહી ગયેલા રંગોથી તમને રંગ્યા છે. પણ તમે ખૂબ જ સુંદર લાગો છો.'

કૂકડો ખુશ થઈ ગયો. ઊંચી ડોક કરીને નાચતાં નાચતાં એ બોલ્યો :

**સુરજદાદા ઊગે તે પહેલાં,**

**કૂકડેકૂક હું બોલું વહેલાં.**

**આળસ મરડી લોકો જાગે,**

**વહેલાં વહેલાં કામે લાગે.**

**હું તો સૌનું એલાર્મ ક્લોક,**

**ભગવાનનો હું સુંદર શ્લોક.**

**લીલો પીળો કૂકડો લાલ,**

**બોલી બોલીને ફૂલવે ગાલ.**

**ગાલ ફુલાવી કૂકડો બોલે,**

**કૂકડેકૂક બોલીને ડોલે.**

પરીરાણીએ તેને ગોદમાં લઈને ખૂબ વહાલ કર્યું. કુકડો નાચતો–નાચતો પોતાનું રૂપ બતાવવા ચાલ્યો ગયો. પછી બધી પરીઓ ખુશ થઈને પૃથ્વીની શોભા જોતી–જોતી ઊડી ગઈ.

અને રાજભાઈ પણ ઊંઘી ગયા !

Downloaded From: Prashantgavaniya.blogspot.in